# રામ રાખે તેને કોણ ચાખે...!!

# ...બચી ગઈ ૧ ૨ જિંદગી, માત્ર ૫ ફૂટ દૂર રહ્યું મોત

## મોડાસા - શામળાજી હાઈવેની ઘટના : રોડ સાઈડમાં શ્રમિકો ભોજન કરતા હતા ત્યારે કાર પલ્ટી : કારમાં સવાર તમામ ત્રણનો પણ આબાદ બચાવ

મોડાસા, તા.૭

અરવલ્લી જિલ્લામાં મોડાસા -શામળાજી હાઈવે ઉપર ગુરુવારની મોડી સાંજે મોટી ઈસરોલ પાસે સર્જાયેલા એક કાર અકસ્માતમાં મોટી કરુણાંતિકા સર્જાતા રહી ગઈ હતી. કાર પાંચ ગુલાંટ મારી નજીકના ખેતરમાં જઈ ખાબકી હતી જ્યાં ખેતરમાં સાંજનું વાળું કરતાં ૧ ૨ શ્રમિકોથી માત્ર પાંચ ફૂટ દૂર જ આ કાર અટકી જતા આ ૧ ૨ જિંદગીઓ બચી ગઈ હતી. તેમનાથી મોત માત્ર પાંચ ફૂટ દૂર રહી ગયું હતું.!! એટલું જ નહીં પણ કારમાં મુસાફરી કરી રહેલ ત્રણેય વ્યક્તિઓનો પણ આબાદ બચાવ થયો હતો. રામ રાખે તેને કોણ ચાખે- એ ઉક્તિ અનુસાર આટલી મોટી ઘટનામાં પણ કોઈનો વાળ વાકો નહિ થતા સહુએ ઈશ્વરનો પાડ માન્યો હતો.

આ અજીબ અકસ્માતની ઘટનાની વિગતો એવી છે કે ગુરુવારે મોડી સાંજે લોકો સાંજનું ભોજન કરી ઓરવારી ગયા હતા ત્યારે મોડી સાંજે મોડાસા શામળાજી હાઈવે ઉપર મોટી ઈસરોલ ગામ પાસે રોડ સાઈડના ખેતરમાં શ્રમિક મજૂરો પોતાના પરિવાર સાથે ખુલ્લા આકાશ તળે સાંજનું ભોજન કરવા બેઠા હતા. દરમિયાન શામળાજી તરફથી મોડાસા તરફ આવી રહેલી એક કાર પલટી જતા ડિવાઈડર કૂદીને પાંચ જેટલી ગુલાંટ મારીને સામેના ખેતરમાં જ્યાં મજૂરો વાળું કરી રહ્યાં હતાં ત્યાં જ ખાબકી હતી જે આ મજૂરોથી માત્ર પાંચ ફૂટ દૂર જ પલટી ખાઈ અટકી ગઈ હતી. આ ૧ ૨ જિંદગીનો આબાદ બચાવ થયો હતો તેમનાથી મોતનું માત્ર પાંચ જ ફૂટનું માંડ અંતર રહી ગયું હતું.

એટલું જ નહીં જ્યારે આ કાર પાંચ વખત ગુલાંટ મારી ખેતરમાં જઈ ખાબકી એ દરમિયાન વાહનોથી ધમધમતા આ દિલ્હી-મુંબઈને જોડતા હાઈવે ઉપર તત્સમયે થોડી મિનિટો માટે નાનું મોટું બીજું કોઈ વાહન પણ નહીં આડે આવતા કાર સીધી ખેતરમાં જ્યાં મજૂરો પોતાનું સાંજનું જમણ કરી રહ્યા હતા ત્યાં પાસે જઈ અટકી ગઈ હતી. અલબત્ત, આ કારને પાંચ ગુલાંટ મારી જતા નુકસાન થવા છતાં તેમાં મુસાફરી કરી રહેલ ત્રણેય વ્યક્તિઓનો પણ આબાદ બચાવ થયો હતો. ઘટનાની જાણ થતાં મોટી ઈસરોલના યુવાનો ત્યાં દોડી ગયા હતા અને ઘટના નિહાળીને બધા જ સ્તબ્ધ બની ગયા હતા.!!! જ્યાં કાર પડી હતી ત્યાં શ્રમિકોને આ કારથી માત્ર પાંચ ફૂટ છેટુ હતું. જેને બચાવનાર ખુદ ભગવાન હોય છે તેને મારનાર કોઈ નથી તે વાત વાગોળતા સ્થાનિકો ૧ ૨ મજૂરોની જિંદગી બચી જવાની અદભુત ઘટના જાણે માનસપટમાંથી વિસરાતી ન હતી.







### જડીયાલી ગ્રામ પંચાયતનું પ્રથમ બજેટ નામંજૂર

લાખણી તાલુકાની જડીયાલી ગ્રામ પંચાયતનું પ્રથમ બજેટ ના મંજુર થતા સમગ્ર ગામમાં ચકચાર મચી જવા પામી હતી અને રાજકીય ગરમાવો પણ જોવા મળ્યો હતો. લાખણી તાલુકાની જડીયાલી ગ્રામ પંચાયતમાં આજે સવારે બજેટ માટે બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં સરપંચ, ડેપ્યુટી સરપંચ તથા સભ્યો અને તલાટીની હાજરીમાં બજેટની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં બજેટ નામંજુર થતા સમગ્ર ગામમાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો. ત્યારે હવે જોવાનું એ રહે છે કે આ ગામનું બજેટ કયારે મંજુર થાય છે તે તો આવનારો સમય જ બતાવશે.

## પ્રાંતિજના ગળતેશ્વર ખાતે દિવ્ય ફોટાઓનો તૃતીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા.૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના ગળતેશ્વર ગામે આવેલ શ્રી બહુચર માતાજીના મંદિર ખાતે આવેલ ત્રણ દિવ્ય ફોટાઓની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો.

ગળતેશ્વર ખાતે આવેલ શ્રી બહુચર માતાજીના મંદિર ખાતે આવેલ શ્રી બહુચર માતા, શ્રી ગણેશ ભગવાન અને શ્રી શંકર ભગવાનના દિવ્ય ફોટાઓનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. જેમાં હવન પૂજા ધાર્મિક પ્રોગ્રામો સહિત રાસ ગરબા સહિતના કાર્યક્રમો યોજાયા હતાં. જેમાં ગળતેશ્વર સહિત આજુબાજુના ધર્મપ્રેમી લોકો ઉપસ્થિત રહ્યાં હતાં અને દર્શન કરી મહાપ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

## ધનસુરાના આકોડીયા પુલ પાસે કન્ટેનર અને કાર વચ્ચે અકસ્માત

### અકસ્માતમાં બાયડ ગામના માધવકંપાના વતનીનું મોત : કન્ટેનરચાલક કન્ટેનર મૂકી ફરાર

અરવલ્લી જીલ્લામાં થી મુંબઈ દિલ્હી હાઈવે પસાર થાય



છે જેના કારણે પર પ્રાંતીય વાહનો આ હાયવે ઉપરથી મોટા પ્રમાણ માં પાસ થાય છે જેના લીધે વારેવારે આ જીલ્લાના લોકો અકસ્માત નો ભોગ બને છે અને આજ રોજ આવી જ ઘટના અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના માધવ કંપા નો વતની ઘનશ્યામભાઈ શીવાભાઈ પટેલ કે જેઓ મોડાસા થી કપડવંજ તરફ પોતાની કાર લઈને જઈ રહ્યા હતા તે દરમ્યાન સામેથી આવતા હરિયાણા પાસઙ્ગ નો કન્ટેનર કોઈક કારણો સર આ કારને ટક્કર વાગતા ધનસુરાના આકોડીયા પુલ પાસે ઘટના સર્જાઈ હતી જેમાં માધવ કંપા ના ઘનશ્યામભાઈ ભાઈ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમને ૧૦૮ મારફતે વાત્રક સિવિલ હોસ્પિટલ માં ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી પરંતુ હોસ્પિટલ પહોચે તે પહેલા તેમનું મોત નીપજ્યું હતું અને પોલીસે અકસ્માતે ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મોડાસા પાસેના હનુમાનમોરી વિસ્તારના રહિશો આંદોલનના માર્ગે

મોડાસા, તા.૭

અરવલ્લી જિલ્લામાં મોડાસા નજીક સાકરીયા પાડે આવેલા હનુમાનમોરીના રહીશોનો રસ્તાનો વર્ષો જૂનો પ્રશ્ન જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પછી પણ જૈસે થે રહેતા આજ રોજ ગ્રામજનોએ આગામી વિધાનસભાની ચૂંટણી બહિષ્કારની લેખિતમાં જિલ્લા કચેરીએ ચીમકી આપી છે.

મોડાસા તાલુકાના હનુમાનમોરીના લોકોએ ગત ડિસેમ્બર ૨૦૧૬માં પોતાના ગામને જોડતા રસ્તા માટે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપતા તેમણે જે તે વિભાગને આ કામ માટે અગ્રિમતા આપવા આદેશ કર્યો હતો પણ ગ્રામજનોની કમનસીબી એ છે કે ઝાડી-ઝાંખરાં ધરાવતા આ ગામને જોડતા રસ્તા ઉપર જિલ્લા કલેકટરની દરમિયાનગીરી પછી પણ રોડ વિભાગ માટીકામ પણ હજુ શરૂ કર્યું નથી.

આ સ્થિતિથી નારાજ સ્થાનિકોએ આજ રોજ જિલ્લા કલેકટરને પાઠવેલ લેખિત પત્રમાં આ રોડનું કામ આગામી ૧૫ દિવસમાં શરૂ નહીં થાય તો ચૂંટણી બહિષ્કાર કરીશું તેવી ચીમકી ઉચ્ચારી છે.




### ટેક્ટરના ટ્રોલી પાછળ રેડીઅમ લગાવી દુર્ઘટના રોકવાના પ્રયત્ન

ટિમ સાથી અને ધાનેરા પોલીસ ધ્વરા ટ્રેક્ટર અને ટોલા પાછળ ફેડીયમ લગાવી અકસ્માત નિવારણ લાવવા માટે એક પહેલ કરી હતી જેમાં એક દિવસમાં ૧ ૩૩ કારા પણ વધુ ટ્રેક્ટર અને ટોલી પાછળ રેડિયમ લગાવ્યા હતા. ધાનેરા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લા માં અકસ્માતો ની વણથભી વણઝાર જોવા મળી રહી છે અને અનેક લોકો મોત ને ભેટી રહ્યા છે જેમાં રાત્રી ના સમયે જાહેર રસ્તા પરથી ટ્રેક્ટર અને ટોલી પસાર થતા હોય છે ત્યારે આ ટ્રેક્ટર અને ટોલી નો પાછળ નો ભાગ ન દેખાતા અકસ્માત સર્જાય છે થોડા સમય અગાઉ પણ એક આવો અકસ્માત સર્જાયો હતો અને ધાનેરા નો યુવાન મોટ ને ભેટ્યો હતો ત્યારે આજે ધાનેરા સાથી ફાઉન્ડેશન ની ટિમ અને ધાનેરા પોલીસે સાથે મળી આવા અકસ્માત અટકાવવા માટે એક નવી પહેલ કરી હતી જેમાં એક દિવસ માં ૧ ૩૩ કરતા પણ વધુ ટ્રેક્ટર અને ટોલી પાછળ રેડિયમ પેટ્ટી લગાવી હતી ત્યારે આ કામ ને ધાનેરા ના લોકોએ પણ બિરદાવ્યું હતું.

## મહેસાણામાં બીજા તબક્કાનો શહેરી કક્ષાના સેવા સેતુનો પ્રારંભ

મહેસાણા, તા.૭

રાજયમાં વહિવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યકિતલક્ષી રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે મહેસાણા નગરપાલિકાનો વોર્ડ નંબર ૦૮ અને ૦૯ નો શહેરી સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ સંસદિય



સચિવ ભરતસિંહ ડાભી અને ઈન્ચાર્જ જિલ્લા કલેકટર એસ.કે.લાંગાએ કરાવ્યો હતો. શહેરી કક્ષાના સેવા સેતુ કાર્યક્રમમાં સંબધિત વોર્ડના શહેરીજનો ઉપસ્થિત રહી તેમના પ્રશ્નો – રજુઆતો સ્થળ ઉપર રજુ કર્યા હતા જેનું હકારત્મક રીતે નિરાકરણ કરવામાં આવ્યું હતું. યોજાયેલ શુભારંભ કાર્યક્રમમાં સંસદિય સચિવ ભરતસિંહ ડાભીએ જણાવ્યું હતું કે લોકોના પ્રશ્નો – મુશ્કેલીઓનું સ્થળ ઉપર નિરાકરણ થઈ શકે તે માટે સેવા સેતુ કાર્યક્રમ બીજા તબક્કામાં યોજાઈ રહ્યાં છે.

## મહુડી ખાતે આવેલ અતુલ પોલીટેકનીક ઈન્સ્ટિટયૂટ કોલેજ ખાતે પ્રોજેકટ

### ખાનગી કંપનીઓ દ્વારા મિકેનીકલ, ઈલેકટ્રીકલ, એન્જીનીયર્સના વિદ્યાર્થીઓની જોબ માટે પસંદગી કરાઈ

પ્રાંતિજ, તા.૭

સુપ્રસિધ્ધ યાત્રાધામ મહુડી ખાતેઆવેલ પોલીટેકનીક ઈન્સ્ટીટ્યુટ ખાતે આવેલ અતુલ પોલીટેકનીક ઈન્ટસ્ટીટયુટ કોલેજ ખાતે કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ કંપનીઓ તથા એકસંપટો પણ વિદ્યાર્થીઓએ બનાવેલ પ્રોજેક્ટ જોઈને દંગ બની ગયાં હતાં અને



કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ વિવિધ પ્રોજેકટોનું ડેમોકેશન યોજાયું હતું. ગાંધીનગર જિલ્લાના મહુડી વિવિધ પ્રોજેક્ટનું ડેમોન્સ્ટ્રેશન યોજાયું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ કોમ્પ્યુટર સિસ્ટમ, સાઈકલથી ચાલતું વોશીંગ મશીન, બેટરીથી ચાલતું ઘાસ કટીંગ મશીન, સોલર અને બેટરીથી ચાલતો ખેતી ઉપયોગી દવા છાંટવાનો પંપ, વેસ્ટ પ્લાસ્ટિકમાંથી બનતો રોડ તથા કેન્ડીમાંથી નિકળેલ લાકડાંની પટ્ટીઓમાંથી બનાવેલ પુલ બનાવી પુલની ક્ષમતા વગેરે પ્રોજેકટો બનાવવામાં આવ્યાં હતાં. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ પ્રોજેક્ટ જોઈને આવનાર ખાનગી વિદ્યાર્થીઓએ બનાવેલ પ્રોજેક્ટ પંસદ કરવામાં આવ્યાં હતાં અને વિદ્યાર્થીઓ સહિત પ્રોજેક્ટ ગાઈડ જયદિપ સિંહ ભાટીને પણ અભિનંદન પાઠવ્યા હતાં અને ખાનગી કંપનીઓ દ્વારા મીકેનીકલ, ઈલેકટ્રીકલ તથા એન્જીનીયર્સના વિદ્યાર્થીઓને જોબ માટે પસંદગી કરવામાં આવી હતી. જયારે કોલેજ ખાતે ડેમોન્સ્ટ્રેશનમાં મુકવા માટે પ્રિન્સિપાલ અતુલભાઈ મકવાણા, ચેતનભાઈ રાવલ, સંજયભાઈ ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ કરવામાં આવ્યાં હતાં.

## ભિલોડા તાલુકાના શાયડી-જેતપુર ગામની મહિલા ૨૧ દિવસથી ગુમ

ભિલોડા,તા.૭

ભિલોડા તાલુકાના શાયડી-જેતપુર ગામની મહિલા ૨૧ દિવસથી ગુમ થતાં પરીવારજનો,સગાં-સબંધીઓએ શોધખોળ આદરી પરંતુ આજ દિન સુધી મહિલાની ભાળ ના મળતાં પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસએ તપાસના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળેલ છે. પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ શાયડી-જેતપુર ગામની મહિલા કમળાબેન અળખાભાઈ ગામેતી ઉંમર.વર્ષ-૪૧ છે. ગુમ થનાર મહિલા રંગે ઘઉંવર્ણી, મધ્યમ બાધાની, લીલા, લાલ રંગના ફુલવાળી કલરીંગ સાડી પહેરેલ છે. શાયડી-જેતપુર ગામની ગુમ થનાર મહિલા કમળાબેનએ ઘરે કહ્યું કે દાઢ દુખે છે તેમ કહી ટાકાટુકા દવાખાને જવું છે તેમ કહી તા.૧૮/૩/૨૦૧૭ ને ગુરૂવારના રોજ સાંજે ૪:૦૦ વાગ્યાના અરસામાં ઘરેથી નીકળી ગયા પરંતુ આજ દિન સુધી મહિલા ઘરે પરત ના ફરતાં દિનુબેન બાબુભાઈ ગામેતીએ પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસએ શાયડી-જેતપુર ગામની મહિલા ગુમ થયેલ સંદર્ભે જાણવા જોગ ફરીયાદ નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળેલ છે.





### થાવર ગામે ઠંડા પાણીની પરબનું લોકાર્પણ કરાયું

ગુજરાત માં કાળઝાળ ગરમી થી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ત્યારે લોકો ને પીવા ના પાણી ની તકલીફ નાપડે અને પાણી મળી રહે તે માટે ધાનેરા તાલુકા ના થાવર ગામે સાથી અને નારાયણી ફાઉન્ડેશન ધ્વરા થાવર ગમે ઠંડા પાણી ની પરબ નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું જેમાં નાની બળોએ પાસે રીબીન કપાવી ઠંડા પાણી ની પરબ લોકો માટે ખલ્લી મૂકી હતી આ કાર્ય કર્મમાં સાથી ફાઉન્ડેશન ના અધ્યક્ષ સતીભાઈ જાણી મયુરભાઈ જોશી સુજનસિંહ બાપુ હીરપુરી મહારાજ તેમજ મોટી સંખ્યા માં લોકોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## બેચરાજી ખાતે ૯મીથી ત્રિદિવસીય ચૈત્રી પૂનમનો મેળો

આદ્યશકિતપીઠોમાં જેનું અનેરૂ સ્થાન છે તેવા જગ પ્રસિદ્ધધ બહુચરાજી માતાજીના મંદિરના સાનિધ્યે ચૈત્રી પુનમના પરંપરાગત મેળાનું અનેરૂ મહાત્મય છે. આ તીર્થધામમાં મેળાના દિવસોમાં સ્થાનિક ઉપરાંત અમદાવાદ, રાજસ્થાન સહિત ઉત્તર ગુજરાતમાથી લાખો ભાવિકો માતાજીના દર્શનાર્થે ઉમટે છે. ચુંવાળ પંથકમાં બહુચરાજી યાત્રાધામ વિકાસ માટે રાજ્ય સરકાર કટિબધ્ધ બની છે. યાત્રાધામ બહુચરાજીમાં આગામી તા. ૯ થી ૧૧ એપ્રિલ દરમિયાન ભરનાર ચૈત્રી પૂનમના લોકમેળામાં લાખો શ્રધ્ધાળુઓ મા બહુચરના દર્શનાર્થે પધારતા હોય છે. માઈભક્તોને દર્શન ઉપરાંત પીવાના પાણી, રહેવા, જમવા સહિતની કોઈપણ અગવડ ન પડે તે સહિતની વ્યવસ્થા ઉભી કરાઈ છે.